RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૧ તા.   –૦૭–૧૭
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી કેતનકુમાર હીરાલાલ દલાલ
સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, જકાત વિભાગ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતનકુમાર હીરાલાલ દલાલની અરજી આઈ.ડી.નં. ૪૯૪,તા.૦૮–૦૬–૨૦૧૭ ની માહિતી આપવા બાબત.

મ હા શ ય,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, રાઈટ ટુ ઈર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળ અરજદારની અપીલ અરજી અપીલ અધિકારી અને જકાત અધિકારીને ટી.ઓ.સી./ઈન વર્ડ નં.૧૧૩, તા.૦૭–૦૭–૨૦૧૭ થી અત્રે મળેલ છે. અરજદારની તા.૦૮–૦૬–૨૦૧૭ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસરશ્રી (નાગરિક સુવિધા કેન્દ્ર) ના પત્ર નં.આર.ટી.આઈ./આ.નં.૪૯૪, તા.૦૯–૦૬–૨૦૧૭ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારની અરજી આઈ.ડી.નં.૪૯૪ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના આઉટ વર્ડ નં.ટી.ઓ.સી./૧૯, તા.૩૦–૦૬–૨૦૧૭ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નારાજ થઈને તા.૦૫–૦૭–૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારની અરજી આઈ.ડી.નં.૪૯૪ થી માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ જવાબની વિગતોને અવલોકનમાં લેતાં જણાવવાનું કે, ગુજરાત રાજય સરકારશ્રીના તા.૧૨–૦૯–૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંક/કેવી/૨૪૫/૨૦૦૭/જકાત/૮૦૨૦૦૭/૧૯૬૩/પી મુજબ તા.૧૫–૧૧–૨૦૦૭ થી અમલમા આવે તે રીતે જકાત બંધ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈઓ મુજબ રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની હોય છે. અરજદારને પાઠવેલ જવાબમાં રેકર્ડ રૂલ્સની જોગવાઈ મુજબ આ રેકર્ડ ૧૦(દશ) વર્ષ રાખવાનો હોય છે જેની સ્પષ્ટતા કરવામાં આવે છે. અરજદાર તરફથી સને ૧૯૮૮ થી ૧૯૯૨ ની જકાત બાબતની માહિતી માંગેલ હોય ઘણા વર્ષો પહેલાની હોવાથી રેકર્ડ રૂલ્સ મુજબ આ માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જાહેર માહિતી અધિકારીએ તેઓના કબજા / નિયત્રંણમાં જે માહિતી હોય તે અરજદારને પુરી પાડવાની રહે છે. જેથી અરજદારની અપીલ અરજી અંગે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની તા.૦૮–૦૬–૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈ અનુસાર માહિતી પૂરી પાડેલ છે. તેથી અપીલ અરજી સંદર્ભે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ હોય તો માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે હુકમ મળ્યાના ૯૦ (નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, બ્લોક નં.૧,સેકટર નં.૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને અપીલ કરવા હકકદાર છો.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
જકાત અમલદાર
જકાત વિભાગ

નં.ટી.ઓ.સી./૩૦
તા.૨૯/૦૭/૨૦૧૭

પ્રતિ,
(૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– જકાત વિભાગ......જાણ માટે
(૨) શ્રી કેતનકુમાર હીરાલાલ દલાલ

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત – ૩૯૫ ૦૦૩.

અપીલ અરજી નં.૧ તા. –૦૭–૧૭
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી જીલરીયા રણમલભાઈ દેવદાનભાઈ

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીલરીયા રણમલભાઈ દેવદાનભાઈની અરજી આઈ.ડી.નં. ૧૩૧,તા.૧૨–૦૫–૨૦૧૭ મુદ્દા નં.૧ થી ૨૦ ની માહિતી આપવા બાબત.

મ હા શ ય,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ અરજદારની અપીલ અરજી અપીલ અધિકારી અને વ્યવસાયવેરા અધિકારીને પી.ટી.આર.સી./ઈન વર્ડ નં.૨૦૭, તા.૩૦–૦૬–૨૦૧૭ થી અત્રે મળેલ છે. અરજદારની તા.૧૨–૦૫–૨૦૧૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને વ્યવસાયવેરા અધિકારી (અઠવા ઝોન) ના પત્ર નં.આર.ટી.આઈ./સેલ/આ.નં.૧૨૦, તા.૨૨–૦૫–૨૦૧૭ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારની અરજી આઈ.ડી.નં.૧૩૧ થી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૨૦ ની માહિતી અત્રેના આઉટ વર્ડ નં.પી.ટી.આર.સી./૯૨, તા.૦૯–૦૬–૨૦૧૭ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે અધૂરી માહિતીથી નારાજ થઈ તા.૨૮–૦૬–૨૦૧૭ ના રોજ અપીલ અરજી કરેલ.

અરજદારની અપીલ અરજી સંદર્ભે અરજદાર તેઓની માહિતી અધિકાર નિયમ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૩૧ થી માંગેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૨૦ તથા તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ જવાબની વિગતોને અવલોકનમાં લેતાં એવું જણાય છે કે જાહેર માહિતી અધિકારીએ ગુજરાત રાજય વ્યવસાયવેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ શીડયુલમાં જણાવેલ એન્ટ્રી નં.૧'બ' હેઠળ દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ કેન્દ્ર સરકાર, રાજય સરકાર સદર બંને સરકારના જાહેર સાહસો પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સિવાયની સંસ્થાઓએ તેઓને ત્યાં કામ કરતા કર્મચારી / કામદારના માસિક પગારમાંથી વખતોવખત ઠરાવેલ દરે વ્યવસાયવેરાની કપાત કરી આર.સી.વ્યવસાયવેરો નંબર મેળવી નિયત સમય મર્યાદામાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે. સદર કાયદાની જોગવાઈ મુજબ આવા આર.સી.કરદાતાએ નિયત નમૂના ફોમ નં.૫ માં જણાવ્યા મુજબ તેઓને ત્યાં કામે રાખવામાં આવેલ કર્મચારી / કામદારને ચૂકવવામાં આવેલ કુલ પગારમાંથી નિયત દરે વ્યવસાયવેરાની કપાત કરી નિયત નમૂના ફોમ નં.૫ માં નિયત કર્મચારીની સંખ્યા અને તેઓ ધ્વારા કપાત કરવામાં આવેલ ભરપાઈ કરવા જોગ રકમ જાહેર કરીને મહાનગરપાલિકાના લાગત ઝોન ઓફિસમાં ભરપાઈ કરવાનો રહે છે. તે જ પ્રમાણે સદર કાયદાની જોગવાઈ મુજબ એન્ટ્રી નં.૨ થી ૧૦ માં સમાવિષ્ટ થતા કરદાતાઓએ મહાનગરપાલિકામાં નમૂના પત્રક– ૩ માં જરૂરી માહિતી દર્શાવી ઈ.સી.નંબર મેળવવાનો રહે છે. સદર કાયદાની એન્ટ્રી નં.૭ માં ખરીદી તથા વેચાણના ટર્નઓવરના પુરાવાઓના આધારે આવા કરદાતાઓએ નિયત દરે જે તે નાણાંકીય વર્ષમાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે તેની સ્પષ્ટતા કરેલ છે.

(..૨..)

ઉપરોકત તમામ વિગતોથી વિદિત થઈ અરજદારે માંગેલ માહિતી કાયદાની જોગવાઈ અનુસાર સમય મર્યાદામાં પૂરી પાડેલ છે. તેમજ અરજદારે ફકત હીરા ઉદ્યોગમાં જે વ્યવસાયવેરો વસુલવામાં આવે છે જેની વિગતો માંગેલ છે તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ તેમના પત્રમાં સ્પષ્ટતા કરેલી છે કે સદર કાયદાની જોગવાઈ મુજબ ગુજરાત રાજયભાં તમામ ધંધા રોજગાર અને વ્યવસાયમાં રોકાયેલ સંસ્થાઓએ એટલે કે " આર.સી. " કરદાતા (નોકરી દાતા) એ તેઓને ત્યાં કામ કરતાં કર્મચારીઓ પાસેથી વસુલ કરેલ આર.સી.વ્યવસાયવેરાની ચુકવણી નિયત નમુના ફોર્મ નં.૫માં કર્મચારીઓની સંખ્યા અને ભરપાઈ કરવા જોગ રકમની વિગત જાહેર કરીને મુકરર સત્તા મંડળને નિયત સમયમર્યાદામાં જમા કરાવવાનો રહે છે." તેમજ જાહેર માહિતી અધિકારીએ ગુજરાત રાજય વ્યવસાય,વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈ હેઠળ સદર કાયદાના અમલીકરણ માટે મહાનગરપાલિકાએ તેમની વેબસાઈટ પર પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં જાહેર કરેલ સરકારી પરિપત્રના પાના નં. ૧ થી ૨૬ ના કુલ્લે રૂ.પર/– ભરપાઈ કર્યેથી આ પરિપત્રની નકલ મેળવવા પ્રસ્તાવ કરેલ છે. જે પ્રસ્તાવના સંદર્ભમાં અરજદારે આજદિન સુધી ફી ભરી માહિતી મેળવવાની કોઈ કાર્યવાહી કરી નથી.

સદર કાયદાની જોગવાઈ મુજબ આ કાયદાની જોગવાઈઓ તથા સરકારશ્રીના જાહેર કરેલ જાહેરનામામાં ધંધા, રોજગાર કરતા ઈસમો સંસ્થાઓને એનરોલમેન્ટ સર્ટીફીકેટ (ઈ.સી.) કરદાતા તરીકે અને નોકરી દાતાઓએ આર.સી.કરદાતા તરીકે નોંધણી કરીને તેના વસુલ કરવા જોગ નાણાં મુકરર સત્તા મંડળને નિયમ મુજબ જમા કરાવવાના રહે છે. જાહેર માહિતી અધિકારીએ સદર કાયદાની જોગવાઈઓને અવલોકનમાં લઈ માહિતી અધિકારની કલમ–૮ 'ઘ' માં જણાવ્યા મુજબ " **સક્ષમ સત્તાધિકારીને ખાત્રી થાય કે વિશાળ જાહેર હિતમાં આવી માહિતી પ્રગટ કરવી જરૂરી છે તે સિવાય વાણિજયક ગોપનીયતા, ધંધાકીય રહસ્ય તથા બૌધિક સંપદાન સમાવેશ કરતી માહિતી જે જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પર્ધાત્મક સ્થિતિને નુકશાન થઈ શકે તેમ હોય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં."** તેવું જણાવેલ છે. તેમજ ૮ 'ચ' માં જણાવ્યા મુજબ " **કોઈ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે તેવી સમક્ષ સત્તાધિકારીને ખાત્રી થાય તે સિવાય વિશ્વસનીય સંબંધોને આધારે વ્યકિત પાસેની ઉપલધ્ધ આવી માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં. "** તેવું જણાવેલ છે. મહાનગરપાલિકાના દફતરે નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ ના અંતે ઈ.સી.કરદાતા ૧૫૧૨૪૫ અને આર.સી.કરદાતા ૭૪૦૫૬ મળી કુલ્લે ૨૨૫૩૦૧ કરદાતા નોંધાયેલ છે. અરજદારે માંગેલ માહિતી આર.સી.નંબર વગર તારવવી શકય નથી.

વ્યવસાયવેરાની આવક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે મિલકત વેરા પછીનું મહત્વનું આવકનું સ્ત્રોત છે. કરવેરાના નાણાંનો નાગરીકોની જાહેર સુખાકારી માટે ખર્ચ કરવામાં આવે છે. અરજદારે તેમની અરજીમાં જે સંસ્થાઓની માહિતી માંગેલ છે તેમના રજીસ્ટ્રેશન નંબર આપેલ નથી. આમ છતાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ સંયુકત રીતે રેકર્ડ પર ઉપલબ્ધ આંકડાકીય વિગત આપેલ છે. જાહેર માહિતી અધિકારીએ નિયત સમય મર્યાદામાં અરજદારને તેમની મુદ્દા નં.૧ થી ૨૦ ની માંગેલ માહિતી માટે જરૂરી સ્પષ્ટતા કરેલ છે. આમ, અરજદારની અપીલ અરજી અંગે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

આમ અરજદારે માંગેલ માહિતી વ્યવસાયવેરાની કાયદાની જોગવાઈઓ અને માહિતી અધિકાર નિયમોને અવલોકનમાં લેતા ઉપરોકત વિવરણ કર્યા મુજબ અરજદારની રજુઆત ગ્રાહય રાખી શકાય નહીં. તમામ મુદ્દાની લાગત માહિતી અરજદારને અત્રેના આ.નં.પી.ટી.આર.સી./૯૨, તા.૦૯–૦૬–૨૦૧૭ થી પુરી પાડેલ છે.

(..૩..)

# હુકમ

અરજદારની તા.૦૯–૦૫–૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈ અનુસાર આપવા જોગ માહિતી પૂરી પાડેલ છે. તેથી અપીલ અરજી સંદર્ભે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ હોય તો માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે હુકમ મળ્યાના ૯૦ (નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, બ્લોક નં.૧,સેકટર નં.૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને અપીલ કરવા હકકદાર છો.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૩૯૫
તા.૨૮/૦૩/૨૦૧૭

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ......જાણ માટે
(૨) શ્રી જીલરીયા રણમલભાઈ દેવદાનભાઈ